ભારતીય જનતા પાર્ટી, ગુજરાત

# સંકલ્પ પત્ર 2017

## અવિરત વિકાસ, અડીખમ વિશ્વાસ





દરેક ગુજરાતીનો એક જ અવાજ

ભાજપ

હું છું વિકાસ, હું છું ગુજરાત

ભારતીય જનતા પાર્ટી, ગુજરાત

# સંકલ્પ પત્ર 2017

## અવિરત વિકાસ, અડીખમ વિશ્વાસ

છેલ્લા 22 વર્ષોથી ગુજરાતની સેવા કરવાનો મોકો આપવા બદલ ભારતીય જનતા પાર્ટી ગુજરાતની જનતાનો હૃદયપૂર્વક આભાર માને છે. ભાજપ સરકારે ગુજરાતમાં એક પારદર્શક, સંવેદનશીલ, નિર્ણાયક અને પ્રગતિશીલ શાસનનાં ચાર સ્તંભોના આધારે સુશાસનનું આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે. 22 વર્ષોની આ અવિરત વિકાસયાત્રામાં ગુજરાતે શાંતિ, સુરક્ષા, પ્રગતિ તેમજ ઉચ્ચ માનવીય મૂલ્યોના અનેક માપદંડોમાં ઉલ્લેખનીય સફળતા પ્રાપ્ત કરી છે. ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તેમના શાસનકાળ દરમ્યાન ગુજરાતમાં સુશાસનના જે માપદંડો સ્થાપિત કર્યા, તે આજે ભારતની રાજનીતિમાં ગરીબ કલ્યાણ તેમજ સર્વાંગી વિકાસના આદર્શ બન્યાં છે.

ભારતીય જનતા પાર્ટી આ વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતની વિકાસયાત્રાને અવિરત આગળ વધારવાની દિશામાં 'ન્યુ ગુજરાત' ના માધ્યમથી પ્રધાનમંત્રીશ્રીના 'ન્યુ ઇન્ડિયા' ના સંકલ્પ મુજબ ગરીબીમુક્ત અને જાતિવાદ, સંપ્રદાયવાદ તેમજ વંશવાદમુક્ત 'સમૃધ્ધ ગુજરાત' બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરે છે.


ધરાઈ ધરતી,
ખુશહાલ ખેડૂત
અમૂલ
દૂધ
દરેક ગુજરાતીનો એક જ અવાજ
હું છું વિકાસ, હું છું ગુજરાત
ભાજપ

# કૃષિ આવકોમાં બે ગણો વધારો

ભાજપા ગુજરાતમાં ખેડૂતોની આવકને સસ્તા ખાતર અને બિયારણ, સિંચાઇની સુવિધા, યોગ્ય ભાવ અને પ્રોસેસીંગના માધ્યમથી બમણી કરવાનો સંકલ્પ કરે છે. ભાજપાના કાર્યકાળમાં ગુજરાતે કૃષિવિકાસના નવા લક્ષ્યાંકો સ્થાપિત કર્યા છે. કૃષિવિકાસને પ્રાથમિકતા આપવાની અમારી નીતિઓ અમે ચાલુ રાખીશું.

- વ્યાજમુક્ત ધિરાણની વ્યવસ્થા
- ઓછા ભાવે ખાતર, બિયારણ અને કૃષિ ઉપકરણોની ઉપલબ્ધતા
- દરેક ખેતરને સિંચાઇ દ્વારા પાણી
- ખેડૂતોની ઉપજોના યોગ્ય મૂલ્યની સુનિશ્ચિતતા
- કૃષિ વીમા દ્વારા ખેડૂતોની આર્થિક સુરક્ષા
- કૃષિને વધુ ફાયદાકારક બનાવવા માટે ખેત ઉત્પાદનોના મૂલ્ય વર્ધનની પ્રક્રિયાને પ્રોત્સાહન
- કૃષિ ઉત્પાદનોના પ્રસંસ્કરણ અને નિકાસને પ્રોત્સાહન
- ટેકનોલોજીના આધારે ખેતીનું આધુનિકરણ
- નીતિ નિર્માણમાં ખેડૂત પ્રતિનિધિઓની ભાગીદારી
- પશુપાલન, મત્સ્યપાલન, મધમાખી પાલન વગેરે દ્વારા આવકના નવા વિકલ્પો
- ખેડૂતોની સમસ્યાઓનું ત્વરિત નિદાન

દૂધ ઉત્પાદન ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન આપવા માટે

- પશુઓના સ્વાસ્થ્ય માટેના પ્રયાસોના વ્યાપમાં વધારો
- ગીર તથા કાંકરેજ ગાયોની પ્રજાતિઓનું સંરક્ષણ તેમજ સંવર્ધન
- ગૌહત્યાના કાયદાનું અસરકારક અમલીકરણ







દરેક ગુજરાતીનો એક જ અવાજ
ભાજપ
હું છું વિકાસ, હું છું ગુજરાત










## યુવા આકાંક્ષાઓને નવી ઉડાન

ગુજરાતની સમૃધ્ધિને આગળ વધારવા અને યુવાનોને આત્મનિર્ભર બનાવવા તેમજ તેમને રોજગાર અને સ્વરોજગારના સર્વાધિક અવસર ઉપલબ્ધ કરાવવા માટે

- રોજગારોન્મુખ નવા ઔધોગિક ક્ષેત્રોની સ્થાપના
- કૌશલ્ય વિકાસ અને આર્થિક સહયોગ દ્વારા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન
- શ્રમ અને રોજગાર આયોગ દ્વારા નીતિઓનું રોજગારની જરૂરીયાતો સાથે સમન્વય
- સરકારી યોજનાઓ સાથે પરીણામલક્ષી રોજગાર નિર્માણનું આયોજન

ગુજરાતને રમત-ગમતના ક્ષેત્રે આગવી હરોળમાં મૂકવા માટે

- ગુજરાત ઓલમ્પિક મીશનની રચના
- ખેલાડીઓ માટે અતિઆધુનિક પ્રશિક્ષણ સુવિધા અને આર્થિક સહાય
- પારંપારીક રમતોને પ્રોત્સાહન



## મહિલા સશક્તિકરણને વધુ વેગ આપવું

મહિલાઓના સશક્તિકરણની દ્રષ્ટિએ ગુજરાતે દેશની સામે એક આદર્શ પ્રસ્તુત કર્યો છે. મહિલાઓને આર્થિક આત્મનિર્ભરતા તેમજ સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરવા માટે

- વિશેષ સશક્તિકરણ માટે ધનરાશિની વ્યવસ્થા
- વિના મૂલ્યે ઉચ્ચ શિક્ષણ માટેની સહાયતા
- સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનું તાત્કાલિક નિદાન
- નવી મહિલાલક્ષી યોજનાઓનું સર્જન
- વિધવા પેન્શનમાં સમય સમય પર વધારો કરાશે












દરેક ગુજરાતીનો એક જ અવાજ
ભાજપ
હું છું વિકાસ, હું છું ગુજરાત















## શ્રેષ્ઠ શિક્ષણ સમૃધ્ધ ગુજરાત

પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રોમાં ગુજરાતે છેલ્લા 22 વર્ષોમાં જે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી છે, તેને નવી ઉંચાઇ પર લઇ જવા માટે

- કન્યા કેળવણી રથયાત્રા, શાળા પ્રવેશોત્સવ વગેરે જેવી યોજનાઓનો વિસ્તાર
- આધારભૂત શિક્ષણ વ્યવસ્થાનો વિકાસ
- આધુનિક ઉપકરણોનો સમાવેશ
- ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રાધન્ય
- સ્વનિર્ભર શાળા ફી નિયંત્રણ વિધેયક 2017 નો કડક અમલ
- રાજ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરની યુનિવર્સિટીઓનું નિર્માણ કરાશે

## સ્વાસ્થ્ય સેવાઓનું સુદ્રઢીકરણ

છેલ્લા 22 વર્ષોના શાસનમાં ભાજપાએ ગુજરાતની સ્વાસ્થ્ય વ્યવસ્થાને અત્યંત ખરાબ સ્થિતિમાંથી ખૂબ સારી સ્થિતિમાં લાવવાનું કાર્ય કર્યું છે. સ્વાસ્થ્ય વ્યવસ્થાને હજુ વધુ સારી બનાવવા માટે

- ગંભીર બિમારીઓ માટેની જિલ્લા હોસ્પિટલ ખાતે ઉપચાર સુવિધાઓમાં વિસ્તાર
- જેનરીક અને સસ્તી દવાઓના કેન્દ્રોમાં વધારો
- મોબાઇલ ક્લિનીક અને તાલુકા સ્તરે 252 સરકારી ડાયગ્નોસ્ટીક લેબોરેટરીની સ્થાપના
- 2022 સુધીમાં વેક્ટર-બોર્ન રોગ મુક્ત ગુજરાત


દરેક ગુજરાતીનો એક જ અવાજ
ભાજપ
હું છું વિકાસ, હું છું ગુજરાત



## ગુજરાતના ગામડાઓનો સર્વાંગી વિકાસ

વિજળી અને પાકા રસ્તાઓ જેવી મૂળભૂત સુવિધાઓ ગામડાંઓ સુધી પહોંચાડવાનું કામ અમારા કાર્યકાળમાં થયું. ગામડાંઓને સમૃધ્ધિની નવી ઉંચાઇઓ પર પહોંચાડવા તેમજ તમામ ગામડાઓને 'સ્માર્ટ વિલેજ' બનાવવા માટે

- ગરીબ પરિવારો માટે પાકા ઘર
- પ્રત્યેક ઘરમાં શૌચાલય અને નળ કનેક્શન
- કચરા નિકાલની વ્યવસ્થા
- ગ્રામીણ ક્ષેત્રોમાં વાહનવ્યવહારની વ્યવસ્થા માટે બસોની સુવિધાઓમાં વધારો



## સ્વચ્છ અને સુવિધાયુક્ત શહેરો

ગુજરાતના શહેરો વિકાસના એન્જિન તરીકે કાર્ય કરી રહ્યાં છે જેને વધુ સુવિધાયુક્ત બનાવવા માટે ભાજપા સરકારે અનેક પગલાંઓ ભર્યા છે. હવે ટેક્નોલોજી અને વધુ સારી વહીવટી કાર્યપદ્ધતિઓના  અસરકારક ઉપયોગ દ્વારા ગુજરાતના શહેરોના વિકાસને વિશ્વ સ્તર પર લઇ જવા માટે

- સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સનું સમયસર અમલીકરણ
- અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટ માટે સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ
- સુરત અને વડોદરામાં મેટ્રો ટ્રેન સેવા
- દરેક ઘર સુધી પાઇપ દ્વારા ગેસ કનેકશન
- મુખ્ય શહેરોમાં એરકન્ડિશન્ડ બસ સેવા
- બાળકો માટે દરેક વિસ્તારોમાં બાળ ક્રિડાંગણની વ્યવસ્થા
- બહુમાળી પાર્કીંગની સુવિધા
- અનિયમિત વસાહતોનું નિયમન







દરેક ગુજરાતીનો એક જ અવાજ
ભાજપ
હું છું વિકાસ, હું છું ગુજરાત








## ઔધોગિક વિકાસને ગતિ

ઉધોગક્ષેત્રને વધુ મજબૂત કરવામાં, ઉધોગો માટે યોગ્ય વાતાવરણ તૈયાર કરવામાં અને નવા ઔધોગિક અવસરો ઉપલબ્ધ કરાવવામાં ગુજરાત હંમેશા આગળ રહ્યું છે. ભાજપા આ પ્રક્રિયાને કાયમી રાખવા માટે પ્રતિબધ્ધ છે.

- નીતિ આધારિત ઔધોગિક વિકાસ
- રોજગાર આધારિત ઉધોગોને પ્રોત્સાહન
- ઉધોગો માટે નીતિ આધારિત સંચાલકીય પ્રક્રિયાઓ
- સેમીકંડક્ટર અને ટેલીકોમ્યુનિકેશનના ઉપકરણોના ઉધોગો માટે નવી નીતિ
- જી. આઇ. ડી. સી. (GIDC) સહિત ઔધોગિક ક્ષેત્રોમાં વૈશ્વિક સ્તરની પાયાની સુવિધાઓ

ગુજરાતમાં લઘુ અને મધ્યમ ઉધોગોના વિકાસની ગતિને વધુ તેજ કરવાની દિશામાં પણ આયોજન કરવામાં આવશે

- લઘુ અને મધ્યમ ઉધોગો માટે પરવડે તેવા વ્યાજદરો સાથેનું ધિરાણ
- ઉધોગસાહસિકો માટે સહાયતા કેન્દ્રોનું નિર્માણ

નાના વેપારીઓના મહત્વને ધ્યાનમાં રાખીને તેમની કાયદાકીય પ્રક્રિયાઓમાં સરળીકરણ તે અમારી પ્રતિબધ્ધતા છે.

- નાના વેપારીઓ માટેના લાયસન્સ તેમજ અન્ય પ્રક્રિયાઓ ઓનલાઇન બનાવી વધુ સરળ કરવામાં આવશે
- એકાઉન્ટીંગ તેમજ અન્ય આનુષાંગીક સેવાઓ વ્યાજબી દરોએ ઉપલબ્ધ કરાવવામાં આવશે

સહકારીક્ષેત્ર ગુજરાતમાં આર્થિક જીવનનો મહત્વપૂર્ણ આધાર છે, જેને પ્રોત્સાહન આપવા માટે અમે પ્રતિબધ્ધ છીએ.

- સહકારી નીતિઓમાં વ્યાપક સુધારાઓ
- બંધ પડી ગયેલ સહકારી સંસ્થાઓને પુનર્જીવિત કરવી





## આદિવાસીઓનો સર્વાંગી વિકાસ

ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતમાં આદિવાસીઓના હિતોને પોતાની સર્વાંગી વિકાસની યોજનાઓના માધ્યમથી ફળીભૂત કરવાની દિશામાં મજબૂત કાર્ય કર્યું છે. વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત 10 સૂત્રીય કાર્યક્રમના માધ્યમથી આદિવાસી સમુદાયોના વિકાસને ગતિ મળી છે, તેને આગળ વધારતાં

- આદિવાસીઓના રક્ષણ માટેના કાયદાઓનું અસરકારક અમલીકરણ
- જિલ્લા આદિવાસી કલ્યાણ બોર્ડ બનાવવું
- રજીસ્ટર્ડ આદિવાસી સમિતિઓ બનાવવી
- ઉત્તર પૂર્વીય આદિવાસીક્ષેત્રની 4 લાખ હેક્ટર જમીનને સિંચાઇની સુવિધાઓ
- અગરિયા સમુદાયના લોકો માટે વિશેષ યોજના
- PESA કાયદાનું અસરકારક અમલીકરણ
- દરેક આદિવાસીને જમીનની માલિકી
- આંતરરાષ્ટ્રીય કક્ષાની આદિવાસી યુનિવર્સિટીનું નિર્માણ

## ઓ.બી.સી. વર્ગનું કલ્યાણ

ગુજરાતમાં ઓ.બી.સી. જાતિઓને આર્થિક અને શૈક્ષણિક સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત થાય તે અમારો સંકલ્પ છે, તેમના માટે પ્રાપ્ત તકોને વધારવાના હેતુસર અમારા પ્રયાસોને આગળ વધારતાં

- પારંપારીક ધંધા રોજગારમાં જોડાયેલ વ્યક્તિઓને આર્થિક સહાયતા
- ઠાકોર અને કોળી ડેવલોપમેન્ટ કોર્પોરેશનને મળતી ગ્રાન્ટમાં બે ગણો વધારો
- સ્વરોજગાર હેતુ માટે 'સ્વયં સક્ષમ' યોજનાનો વિસ્તાર





# વિચરતી તેમજ વિમુક્ત જાતિઓને મદદ

સરકારે વિચરતી તેમજ વિમુક્ત જાતિઓ પર વિશેષ ધ્યાન આપ્યું છે. વિચરતી અને વિમુક્ત જાતિ નિગમના માધ્યમથી આ સમુદાયને સહાયતા આપવામાં આવે છે તેમાં નવી બાબતોને જોડતા


- વિચરતી અને વિમુક્ત જાતિઓના ઉત્થાન માટે સમિતિ બનાવવી
- જાતિ પ્રમાણપત્ર, બી.પી.એલ. કાર્ડ વગેરેની પ્રક્રિયાઓનું સરળીકરણ
- બધાને પાકું ઘર
- શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગાર માટે વધુ સારી તકો
- લારી-ગલ્લાં અને પાથરણા પર નિર્ભર લોકો માટે હોકિંગ ઝોન

# અનુસૂચિત જાતિઓનું ઉત્થાન

અનુસૂચિત જાતિઓના આર્થિક અને સામાજીક સશક્તિકરણ માટે ભાજપા સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોને વિશેષ ગતિ આપવા માટે

- અનુસૂચિત જાતિઓના રક્ષણ માટેના કાયદાઓનું અસરકારક અમલીકરણ
- ડો. ભીમરાવ આંબેડકર એજ્યુકેશન ફંડ દ્વારા આર્થિક સહાયતા
- છાત્રાલયોમાં વૃધ્ધિ
- દલિત શ્રમીકોને આર્થિક સહાય







દરેક ગુજરાતીનો એક જ અવાજ
ભાજપ
હું છું વિકાસ, હું છું ગુજરાત










## કામદારો માટે સલામતી અને સુવિધાઓ

ભાજપ સરકાર ગરીબ કામદારો, ખાસ કરીને અસંગઠિત કામદારોના હિતોના રક્ષણ માટે હંમેશાં તત્પર રહી છે. રાજ્યમાં સુરક્ષા વીમો અને સસ્તા દરે પોષક ભોજન, જેવી પહેલોથી કામદારોના જીવનના સ્તરને સુધારવા માટેના પગલા સરકારે લીધા છે. આ પ્રયાસોને આગળ વધારતાં:

- 'સુરક્ષા વીમા યોજના'નું 100% કવરેજ
- પાકા ઘરોની સગવડ
- પોસાય તેવા દરે સ્વાસ્થ્ય સેવા
- વાજબી ભાવે ભોજન આપવાની યોજનાનો બધા શહેરોમાં વિસ્તાર



## આર્થિક રીતે નબળા વર્ગોનું કલ્યાણ

ભાજપ સરકાર અંત્યોદયના આદર્શોને અનુસરી સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટે સમર્પિત છે. ગરીબોને વિકાસ માટેની સમાન તકોના સર્જન માટે અને તેમના સશક્તિકરણ માટે તમામ સંભવિત પ્રયત્નો કરીશું. જેના અંતર્ગત:

- આર્થિક રીતે નબળા વર્ગોના વિદ્યાર્થીઓને સ્નાતક અને ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ ભંડોળ
- 'જન ધન', પ્રધાનમંત્રી સુરક્ષા વીમા' જેવી યોજનાઓ હેઠળ આર્થિક સમાવેશ અને સલામતી
- ગરીબોના બહુ-પરિમાણીય વિકાસ માટે વ્યાપક યોજનાઓનું નિર્માણ
- નવા રોજગારની તકોનું નિર્માણ






MSC VALERIA
PANAMA






દરેક ગુજરાતીનો એક જ અવાજ
ભાજપ
હું છું વિકાસ, હું છું ગુજરાત


શ્રી સુરજ ગ્રામ પંચાયત કાર્યાલય


Enter
Online Registration
Ctrl











## સામુદ્રીક સંપત્તિ દ્વારા સમૃધ્ધિ

ગુજરાત સમુદ્ર કિનારાનું રાજ્ય હોવાથી સામુદ્રિક સંપત્તિનો લાભ મળે છે. આ સંભાવનાઓ તેમજ સમુદ્ર પર નિર્ભર માછીમાર સમુદાયોના વિકાસ માટેની વર્તમાન યોજનાઓને આગળ વધારતાં:

- બંદરોનો વિકાસ
- સમુદ્રી ટ્રાફિક અને માર્ગોનો વિકાસ
- રો-રો ફેરી સેવાનો વ્યાપક વિસ્તાર

ભારતીય જનતા પાર્ટી દરિયા પર નિર્ભર જનસમુદાયોના ઉત્કર્ષ અને આજીવિકાની સુરક્ષા  માટે પ્રતિબદ્ધ છે:

- આર્થિક મદદ અને સુરક્ષા વીમાનો વિસ્તાર.
- આધુનીક ઉપકરણો માટે આર્થિક સહાયતામાં વૃદ્ધિ
- નિકાસને પ્રોત્સાહન આપવા માટે "મરીન પ્રોડક્ટ લેબોરેટરી" ની વ્યવસ્થા
- અગરિયાઓ માટે વિશેષ યોજના

## પારદર્શી અને સુલભ સુશાસન


ભારતીય જનતા પાર્ટીએ ભ્રષ્ટાચારમુક્ત પારદર્શી શાસન આપવાનું કામ કર્યું છે. ઇ-ગર્વનન્સ, સીંગલ વિન્ડો સીસ્ટમ, જનસેવા કેન્દ્ર, ડીજીટલ લેવડ દેવડમાં વધારો વગેરે જેવી બાબતોમાં વધારો કરી ભાજપા સરકારે ભ્રષ્ટાચારના વિરોધમાં એક નિર્ણાયક લડાઈ શરૂ કરી છે, અને તેમાં સફળતા પણ પ્રાપ્ત કરી છે. આ દિશામાં આગળ વધતાં

- પ્રશાસનીક સ્તર પર દર મહિને જનસંપર્ક
- સરકારી કર્મચારીઓ માટે કર્મયોગી અભિયાનનો વિસ્તાર
- યોજનાઓમાં રજીસ્ટ્રેશન તેમજ ટેક્ષ ભરવા માટે ઓનલાઇન સુવિધા
- દારૂબંધીના કાયદાનો કડકાઈથી અમલ

## પર્યટનની તકોમાં વધારો

ગુજરાતમાં પર્યટનની ખૂબજ સંભાવનાઓ છે. પર્યટનની દ્રષ્ટિએ વાહન વ્યવહારની સુવિધાઓનો વિકાસ, ભવ્ય સ્મારકોનું નિર્માણ, મંદિરો અને તીર્થસ્થળોના રૂપમાં સ્થાપિત કરવાનું કાર્ય ભાજપાએ કર્યુ છે. આ કાર્યને વિસ્તૃત કરવા માટે

- કરમસદમાં સરદાર પટેલના જીવન પર આધારીત એક ભવ્ય સ્મારક
- નવી ટુરીઝમ સર્કીટોનું નિર્માણ
- સોમનાથ વિશ્વવિધાલયના સહયોગથી સૌરાષ્ટ્રમાં યોગ અને ધ્યાન કેન્દ્ર
- હસ્તકળાઓના ઉત્સવો, મેળાઓ વગેરે દ્વારા પ્રચાર-પ્રસાર
- ગુજરાતની મહાન વિભૂતિઓના જીવન પર આધારીત સ્મારકો.
- યાત્રાધામ જેવા કે ગિરનાર પર્વતના પગથિયાઓનું જીર્ણોદ્ધાર


દરેક ગુજરાતીનો એક જ અવાજ
ભાજપ
હું છું વિકાસ, હું છું ગુજરાત

## સાંસ્કૃતિક ગૌરવને નવી ઓળખાણ

ગુજરાત સાંસ્કૃતિક સમૃધ્ધિથી સંપન્ન રાજ્ય છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતની આ ઓળખાણને વૈશ્વિક સ્તર પર લઇ જવાનું કાર્ય કર્યું છે. તેને આગળ વધારતાં

- ગુજરાતી ભાષા, સાહિત્ય અને નાટ્ય કલાનું સંવર્ધન
- રાસ-ગરબા જેવી પારંપારીક કલાઓનું સંવર્ધન
- ભાષાઓ તેમજ સાહિત્યીક વિકાસની સાથે સાથે સંગીત વગેરેનો પ્રસાર
- કલા મહાકુંભનું આયોજન અને વિસ્તાર
- ગિરનાર ઓથોરીટી બોર્ડમાં સ્થાનીય અખાડાના સંતોને સ્થાન
- મહાશિવરાત્રી અને લીલી પરિક્રમા દરમ્યાન બધા અખાડાઓને સહાયતા અનુદાન

## વરીષ્ઠ નાગરિકોનું સન્માન

વરીષ્ઠ નાગરિકો માટે ગરીમામય જીવન સુનિશ્ચિત કરવા માટે અમો પ્રતિબધ્ધ છીએ. આ દિશામાં અમારા વર્તમાન પ્રયાસોની સાથે સાથે

- વૃધ્ધ પેન્શનમાં સમયાંતરે વધારો
- બધી જ સરકારી સેવાઓ ઘર સુધી
- 'શ્રવણતીર્થ' યોજનાનો વિસ્તાર

## પ્રવાસી ગુજરાતીઓ સાથે સંબંધ બનાવી રાખવો

વિશ્વની સામાજીક સંરચનામાં હવે પ્રવાસી ગુજરાતી સમાજ જોડાઇ ગયો છે. તેમનો ગુજરાતની ભૂમિ સાથે અતૂટ સંબંધ છે, તેને ધ્યાનમાં રાખતાં

- પ્રવાસીઓ માટે ગુજરાત ભ્રમણની સુવિધા
- પ્રવાસી સંબંધી પ્રશ્નોનું ત્વરીત નિવારણ
- દેશની બહાર ગુજરાતી સાંસ્કૃતિક ગતિવિધિઓ માટે પ્રોત્સાહન

## જાતિવાદ, સંપ્રદાયવાદ અને વંશવાદથી મુક્તિ

'ન્યુ ઇન્ડિયા'માં ન જાતિવાદને જગ્યા હોય, ન સંપ્રદાયવાદનો ભેદભાવ હોય, કે લોકતંત્રમાં વંશવાદની ના કોઇ જગ્યા હોય. આ ધ્યેય સાથે ભારતીય જનતા પાર્ટી 'ન્યુ ગુજરાત'ના નિર્માણ માટે પ્રતિબધ્ધ છે.



## नए भारत का संकल्प

हम सब मिलकर संकल्प लेते हैं, एक नए भारत का.

1942 में हमारे स्वतंत्रता सेनानियों ने एक संकल्प लिया था, 'भारत छोड़ो' का और 1947 में वह महान संकल्प सिद्ध हुआ और भारत स्वतंत्र हुआ.
हम सब मिलकर संकल्प लेते हैं, 2022 तक एक नए भारत के निर्माण का.
हम सब मिलकर संकल्प लेते हैं, स्वच्छ भारत का.
हम सब मिलकर संकल्प लेते हैं, ग़रीबी मुक्त भारत का.
हम सब मिलकर संकल्प लेते हैं, भ्रष्टाचार मुक्त भारत का.
हम सब मिलकर संकल्प लेते हैं, आतंकवाद मुक्त भारत का.
हम सब मिलकर संकल्प लेते हैं, सम्प्रदायवाद मुक्त भारत का.
हम सब मिलकर संकल्प लेते हैं, जातिवाद मुक्त भारत का.
आओ, हमें 2022 तक एक नया भारत के निर्माण के लिए एक साथ मिलें
नए भारत के निर्माण के अपने इस संकल्प की सिद्धि के लिए, हम सब मन और कर्म से जुट जायेंगे.

# नोट्स

# नोट्स



"राष्ट्रवाद हमारी प्रेरणा
सुशासन और विकास से
अन्त्योदय हमारा लक्ष्य"

—पं. दीनदयाल उपाध्याय

દરેક ગુજરાતીનો એક જ અવાજ

ભાજપ

હું છું વિકાસ, હું છું ગુજરાત

ભાજપ

ભારતીય જનતા પાર્ટી, ગુજરાત